ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં વધારો કરી સહાય માટે વધારાના ખર્ચની વર્ષ ૨૦૧૮-૧૯ અંગે વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૭/૬૪૭૫૭૦/ન.બા.૧૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૪ /૦૪/૨૦૧૮

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૭/૨/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ અજાક/મ/૫/૨૦૧૮/૮૯૪-૮૯૫

<u>ઠ રા વ -</u>

ઉપર આમુખમાં દર્શાવેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૭/૨/૨૦૧૮ અન્વયે ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં પ્રવર્તમાન સહાયમાં રૂ.૫૦/- હજાર નો વધારો કરી રૂ.૧/- લાખ (અંકે રૂપિયા એક લાખ પૂરા)ની સહાય કરવા માટે થનાર વધારાના ખર્ચની વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં માં.ક.૯૫, મુ.સ.-૨૨૨૫-૦૧-૮૦૦-૦૧ હેઠળ રૂ.૨૫૦/- લાખ (અંકે રૂપિયા બે કરોડ પચાસ લાખ પુરા) ની નવી બાબતની મંજૂર રહેલ જોગવાઇને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી માટે પ્રસ્તુત દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવી લેવાની રહેશે.

(3) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનુ રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

પ્રસ્તુત ખર્ચ

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૯૫- આયોજન |
| મુખ્ય સદર | : | ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ |
| પેટા સદર | : | ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ગૌણ સદર | : | ૮૦૦-અન્ય ખર્ચ |
| પેટા સદર | : | (૦૧) SCW- ૧૯ સામાજિક અને સશક્તિકરણ (કુંવરબાઇનું મામેરૂ, માઇ રમા બાઇ સાત ફેરા સમુહ લગ્ન, સમાજ શિક્ષણ શિબિરો) |
| હેડ ચાર્જેબલ | : | ૨૨૨૫ ૦૧ ૮૦૦ ૦૧ |
| સ્કીમ નંબર | : | ૧૩૭૪૫૩ |

હેઠળ ઉધારવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૨/૩/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે.

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- સર્વે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ (નિયામકશ્રી, અજાક મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (નિયામકશ્રી,અજાક મારફત)
- સર્વે જિલ્લા નિવાસી અધિકારીશ્રી (નિયામકશ્રી, અજાક મારફત)
- સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર ને વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ